સંક્ષિપ્ત સમાચાર

પગપાળા ભારત ભ્રમણ કરી શ્રી રામનાથ આચાર્ય મહારાજ ચીખલી પહોંચ્યા

ઘેજ: પવિત્ર ધામ ઉડુપીથી નીકળીને સમગ્ર ભારત ભ્રમણનું સંકલ્પ કરનાર પૂજ્ય શ્રી રામનાથ આચાર્યજી મહારાજ પગપાળા યાત્રા કરી ચીખલી ખાતે આવી પહોંચ્યા છે. ચીખલીના સુપ્રસિદ્ધ અને ઐતિહાસિક સિદ્ધનાથ મહાદેવ મંદિર ખાતે પૂજ્ય આચાર્યજીનું આગમન થતાં ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચીખલી વિશ્વ હિન્દુ પરિષદના હિતેશભાઇ, નરેન્દ્રભાઇ ભટ્ટ, જયેશભાઇ વૈષ્ણવ તેમજ મહેશભાઇ રાવલ સહિતના મહાનુભાવોએ પૂજ્ય આચાર્યજીને પુષ્પગુચ્છ અર્પણ કરી તેમના આશીર્વાદ મેળવ્યા હતા.

રાણી ફળિયાનો યુવાન ૧૨૨ ગ્રામ ગાંજા સાથે ઝડપાયો, બે સપ્લાયર વોન્ટેડ

વાંસદા: વાંસદા પોલીસને મળેલી બાતમીના આધારે વાંસદાના રાણી ફળિયા ગામે સારિયા ફળિયામાં રહેતા જયેશભાઈ (ઉ.વ.૩૦) પોતાના ઘરે વેચાણના હેતુથી ગાંજો રાખ્યો હોવાની બાતમીના આધારે વાંસદા પોલીસે દરોડો પાડી ઘરમાંથી ૧૨૨ ગ્રામ ગાંજો ઝડપી પાડ્યો હતો. પોલીસે ગાંજો કબજે કરી મોબાઈલ સહિત કુલ રૂ.૧૧,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરી તેની અટકાયત કરી હતી. ગાંજો આપનાર ગણેશ પવાર અને ગીતાબેન (રહે., સપ્તશૃંગી વની, તા. સુરગાણા, જિ. નાસિક)ને વોન્ટેડ જાહેર કરી સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી હતી.

વાપીમાં ટ્રેનમાંથી બેભાન મળેલી મહિલાનું મોત

વાપી: વાપી રેલવે પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વાપી રેલવે સ્ટેશન પર ગત તા.8-7-26 ના રોજ બાંદ્રાથી સુરત જતી બાંદ્રા-બિકાનેર એક્સપ્રેસ ટ્રેન આવી હતી. જે ટ્રેનના કોચમાં 48 વર્ષીય એક મહિલા બેભાન અવસ્થામાં મળી હતી. જેને ટ્રેનમાંથી ઉતારી વલસાડ સિવિલ હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે સુરત હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરી હતી. મરનાર મહિલાના કોઈ વાલીવારસ ન મળતા તેની ઓળખ થઈ શકી નથી.

નવસારી કલેક્ટર કચેરી નજીકથી બે દિવસમાં બીજી કાર ચોરીની ઘટના

નવસારી: નવસારીમાં તસ્કરો બેફામ બન્યા હોય તેવી વધુ એક ઘટના સામે આવી છે. એક દિવસ અગાઉ કોર્ટ નજીક પાર્ક કરેલી કારનો કાચ તોડી ચોરીની ઘટના બાદ હવે કલેક્ટર કચેરી નજીકથી કાર ચોરી થઈ છે. પોલીસ ફરિયાદ મુજબ, મહેશભાઈ નગીનભાઈ પટેલની સફેદ રંગની મારુતિ સુઝુકી વેગનઆર કાર (રજિ. નં. GJ-21-5902), અંદાજિત કિંમત રૂ.1.40 લાખ, કલેક્ટર કચેરીના એક્ઝિટ ગેટ નજીક રોડ પરથી કોઈ અજાણ્યા શખ્સો ચોરી કરી ગયા હતા. ઘટના અંગે નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે.

ભીલાડ સ્ટેશને પગે સોજો બાદ ઈસમનું મોત

વાપી: ભીલાડ રેલવે સ્ટેશન પ્લેટ ફોર્મ નં.1 ઉપર એક ઈસમના પગના ભાગે સોજો આવી ગયો હતો અને તેઓને સારવાર માટે 108 વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો અને ત્યાંથી વધુ સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે વાપી રેલવે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો હતો. મરનાર ઈસમના કોઈ વાલીવારસ મળ્યા નથી.

ક્રિકેટર હેનિલ પટેલના ભાઈને સાપ કરડ્યો, ત્વરિત સારવાર બાદ તબિયતમાં સુધારો

ધરમપુર: વલસાડ જિલ્લાના જૂજવા ગામના વતની તેમજ અંડર 19 ક્રિકેટમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટર હેનિલ પટેલના ભાઈ ફેનિલ પટેલને 8 તારીખે સવારે સાડા બાર વાગ્યે સાપ કરડ્યો હતો. તેમને તરત ધરમપુરની સાંઇનાથ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં ગુજરાત સર્પ સંશોધન કેન્દ્રના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક સારવાર શરૂ કરવામાં આવી હતી. ડો. ડી.સી. પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર તબીબી ટીમે સર્પદંશની સારવારના પ્રોટોકોલ મુજબ તેમની સઘન સારવાર કરી હતી. દર્દી લગભગ 50 કલાક સુધી વેન્ટિલેટર પર રહ્યા હતાં. સતત સારવાર અને દેખરેખના પરિણામે તેમની તબિયતમાં નોંધપાત્ર સુધારો થતાં તેઓ સંપૂર્ણ સ્વસ્થ થયા બાદ આજે 14 જુલાઈના રોજ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી અને પોતાના ઘરે પરત ફર્યા. પરિવારજનોએ ધરમપુરના ગુજરાત સર્પ સંશોધન કેન્દ્ર, સાંઇનાથ હોસ્પિટલ તથા સમગ્ર તબીબી ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

મરોલી નજીક કારની ટક્કરે કિશોરનું મોત

નવસારી: ડાભેલથી મરોલી ચાર રસ્તા તરફ જતા માર્ગ પર કાર (નં. GJ 04 DA 5661)ના ચાલકે બેદરકારીપૂર્વક વાહન હંકારી અલી અસગર નામના કિશોરની મોપેડને ટક્કર મારી હતી. ગંભીર ઇજાગ્રસ્ત કિશોરને નવસારીની આઈ.એન.એસ. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. મરોલી પોલીસે કારચાલક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઉમરગામમાં મહિલાનો હાથ કપાવા છતાં વળતર ન મળતાં ફરિયાદ

ઉમરગામ: દહાણુ, જિલ્લા પાલઘર ખાતે ફરિયાદી દર્શનાબેન જયુભાઈ સિંગડા રહે છે. તે ઉમરગામ જીઆઇડીસી ખાતે આવેલા પ્લોટ નંબર એલ 244/10 એમ.એમ એન્ટર પ્રાઈસીસ કંપનીમાં હેલ્પર તરીકે નોકરી કરવા જતી હતી, તા. 19/9/2025 ના રોજ ખજૂર છૂટા પાડવાના મશીન ઉપર કામ કરતી વખતે મેટલની બંગડી સાથે હાથ મશીનમાં આવી જતાં ડાબો હાથ કોણીથી કપાઈ ગયો હતો. તેણીએ હોસ્પિટલમાં સારવાર લીધી હતી. દર્શનાબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે, કંપનીના માલિકે કોઈ સેફ્ટીના સાધન તથા સૂચના નહીં આપતા સેફ્ટી વગર બેદરકારી રીતે મશીન ઉપર કામ ઉપર રાખી તથા વર્કરોનું કોઈ ઇન્સ્યુરન્સ પણ નહીં રાખી બેદરકારી દાખવી છે અને આજ દિન સુધી કોઈપણ વળતર ચૂકવ્યું નથી. ઉમરગામ પોલીસે દર્શનાબેન જયુભાઈ સિંગડાની ફરિયાદના આધારે કંપનીના માલિક સંચાલક ઇનાયત નાસીરભાઈ સપલા (રહે., ઉમરગામ) ટાઉન વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પિપલઘોડી ગામે પ્રાકૃતિક ખેતીની તાલીમ યોજાઈ

સાપુતારા: આહવા તાલુકાના પિપલઘોડી ગામમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં કૃષિ સખીબહેને દેશી ગાયના છાણ અને ગૌમૂત્રમાંથી તૈયાર થતા જીવામૃત અને બીજામૃતના ઉપયોગ અંગે માહિતી આપી હતી. વરસાદને કારણે જમીનનું ધોવાણ અટકાવવા તથા ભેજનું સંરક્ષણ કરવા માટે પાકના અવશેષો દ્વારા આચ્છાદન (મલ્ચિંગ) કરવાની પદ્ધતિ વિશે પણ ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પદ્ધતિ નીંદણ નિયંત્રણમાં પણ અસરકારક સાબિત થાય છે.

નાનાપોંઢા CHCમાં લાખો રૂપિયાનો ઓક્સિજન પ્લાન્ટ જાણે 'ધૂળધાણી'

ચોમાસું હોવા છતાં જાળી ફરતે પ્લાસ્ટિક સુધ્ધાં ન બાંધતા વરસાદી પાણી અંદર આવતા મશીનરીઓને નુકસાનની શક્યતા



ખામી હશે તો નિવારણ કરાશે: ઈનચાર્જ CDHO

વલસાડ જિલ્લા ઇન્ચાર્જ સી.ડી.એચ.ઓ. ડો.સિંધે જણાવ્યું કે, ટૂંક સમયમાં તમામ સરકારી દવાખાનાઓમાં ઓક્સિજન પ્લાન્ટની મોકડ્રીલ કરાશે, જેમાં કોઈ ખામી હશે તો નિવારી શકાશે. નાનાપોંઢા સી.એચ.સી.માં દર્દીઓની સુવિધાઓ માટે ઓક્સિજનની પૂરતી વ્યવસ્થા છે.

વલસાડ: નાનાપોંઢા તાલુકા મથકે આવેલા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કોરોનાની ઘાતક આદતોને પગલે લાખો રૂપિયાના ખર્ચે ફિટ કરાયેલા ઓક્સિજન પ્લાન્ટ સારસંભાળના અભાવે ધૂળ ખાઈ રહ્યું છે. આજુબાજુ ઝાડી ઝાંખરા ઊગી નીકળ્યા છે. હાલે વરસાદની સિઝન હોવા છતાં જાળીઓ ઉપર પ્લાસ્ટિક ન બાંધતા પાણી સીધું અંદર આવતા મશીનરીઓને પણ નુકશાન પહોંચવાની શક્યતા સેવાઈ રહી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, કોરોના સમયે નાનાપોંઢા સી.એચ. સી.માં પણ લાખો રૂપિયાના ખર્ચે ઓક્સિજન પ્લાન્ટ ફિટ કરાયો હતો. જોકે તેની નિયમિત સારસંભાળ અને તંત્રની બેદરકારીના પગલે તે ધૂળ ખાઈ રહ્યું છે. ઓક્સિજન શું છે તેની મહત્ત્વતા કોરોના સમયે તમામને સમજાઈ હતી. હાલ ચોમાસું હોવા છતાં ઓક્સિજન પ્લાન્ટની જાળી ફરતે પ્લાસ્ટિક ન બાંધતા પાણીની વાછટ અંદર આવતા મશીનરીઓને કાટ લાગવાની, ખોટકાઈ જવાની શક્યતા ઊભી થઈ છે. તંત્ર તાત્કાલિક આ મુદ્દે કાર્યવાહી કરે તે જરૂરી બન્યું છે.

કપરાડના વડોલી ગામનો સરસ્વતી ધોધ: કુદરતનો અદભૂત નજારો



વલસાડ: હાલે ચોમાસામાં મીની કાશ્મીર ગણાતા કપરાડા તાલુકામા લીલી વનરાજી સોળે કળાએ ખીલી છે. લીલાછમ ડુંગરો, ટેકરીઓ અને ડુંગરો ઉપરથી ખલખલ વહેતુ પાણી આહ્લાદક દ્રશ્ય ઊભુ કરે છે. કુદરતના અદભૂત નજારા માણવાની મોજ પડી રહી છે. ત્યારે કપરાડા તાલુકાના બોર્ડર વિલેજ એવા વડોલી ગામે આવેલો સરસ્વતી ધોધ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. ડુંગર પરથી પડતું પાણીનો અવાજ અને કુદરતી નજારો જોઈને મનમોહક બને છે. આ ધોધ જ્યાં આવ્યો છે એની નજીકથી મહારાષ્ટ્રના ત્રંબકેશ્વર તીર્થ ધામ તરફ જતો સીધો માર્ગ પણ આવ્યો હોય આ ધોધને વિકસાવવા વડોલી સ્થિત નવ નિર્માણ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગત વર્ષે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી વિકસાવવા રજૂઆત કરી હતી. જોકે તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન કરાતા પ્રવાસીઓ ઉબડખાબડ માર્ગે ડુંગર ઉપરથી નીચે ઉતરી ધોધ જોવાની મજા માણવી પડે છે. આ સ્થળને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવે તો પર્યટકોના ધસારા સાથે સ્થાનિક રોજગારી પણ ઊભી થઈ શકે તેમ છે.

કોઈમ્બતુરની 49 લાખની ઘરફોડ ચોરીમાં વોન્ટેડ ઉમરગામથી ઝડપાયો

એન્જિનિયરિંગ કોલેજમાંથી લાખોની ચોરી કરી ફરાર હતો, ઉમરગામ પોલીસમાં પણ બે ગુના

ઉમરગામ: તમિલનાડુ કોઈમ્બતુર વિસ્તારની એન્જિનિયરિંગ કોલેજમાંથી રૂપિયા 49 લાખની ઘરફોડ ચોરી કરી ફરાર થયેલો વોન્ટેડ આરોપી ઉમરગામમાંથી ઝડપાયો છે. તમિલનાડુ પોલીસ અને ઉમરગામ પોલીસે સંયુક્ત રીતે બાતમીના આધારે આરોપીને દબોચી લીધો હતો.

તમિલનાડુ રાજ્યના કોઈમ્બતુર જિલ્લાના કિનથકડાવુ પોલીસ સ્ટેશન વિસ્તારની એન્જિનિયરિંગ કોલેજમાં 49 લાખની ઘરફોડ ચોરીનો ગુનો બન્યો હતો.

આ ગુનામાં સંડોવયેલો આરોપી રાજ મનોહર પવાર (ઉ.વ.22) ઉમરગામ તાલુકાના સોળસુંબા ભુતિયા ફળિયા વિસ્તારમાં હોવાની ચોક્કસ બાતમીના આધારે તમિલનાડુ પોલીસ ઉમરગામ આવી હતી અને ઉમરગામ પોલીસની મદદથી આ વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો હતો. ઉમરગામ પોલીસ મથકના પીઆઈ એચ ડી તુવર, પીએસઆઈ એન. સી.સગર તથા તમિલનાડુ કિનથકડાવુ પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર કે.સનથાના કરૂપ્પુ તથા ઉમરગામ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ હિતેશ પ્રેમજીભાઈ, પો.કો. સંજયસિંહ પુથ્વીસિંહ દ્વારા આરોપીને ઝડપી પાડવામાં સફળ કામગીરી કરવામાં આવી હતી. પકડાયેલા આરોપી વિરુદ્ધ ઉમરગામ પોલીસ સ્ટેશનમાં અલગ અલગ બે ગુનાઓ નોંધાયેલા છે અને આ ગુનામાં અગાઉ તેની ધરપકડ પણ કરવામાં આવી હતી.

કેન્દ્રીય ઉડ્ડયન મંત્રીએ ફ્લાઇટને ફ્લેગ ઓફ કરી પ્રસ્થાન કરાવી

અષાઢી બીજે દમણથી દિલ્હીની પ્રથમ ફ્લાઈટે ઉડાન ભરી

આગામી સમયમાં દમણથી અમદાવાદ, દીવ, મુંબઈ, લખનૌ, પટના સહિત પર્યટનને વેગ આપવા લક્ષ્યદ્વિપ સુધી એર કનેક્ટિવિટી શરૂ કરાશે

દમણ: સંઘપ્રદેશ દમણથી દિલ્હીની નવી ફ્લાઈટ સેવાનો કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી દ્વારા શુભારંભ કરવામાં આવ્યો છે. આજે અષાઢી બીજ પાવન અવસરથી દમણના નમો એરપોર્ટ પરથી કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ પ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલ સાથે પ્રથમ દમણથી દિલ્હીની 17 સીટર ફ્લાઈટને ફ્લેગ ઓફ કરી તેને પ્રસ્થાન કરાવી હતી. આજના પ્રથમ દિવસે દમણથી દિલ્હી જવા માટે મુસાફરોનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

પ્રફુલભાઈ પટેલે જણાવ્યું કે, આગામી 5 વર્ષમાં દમણનો નકશો સંપૂર્ણપણે બદલાય જવા પામશે. દમણમાં મોટા ભાગના બ્યુરોક્રેટ્સ હોઈ કે નાગરિકો, ઉદ્યોગપતિઓ કે કામદારો બધા ઉત્તરપ્રદેશ સહિતના અન્ય વિસ્તારથી હોવાના કારણે આગામી સમયમાં દમણથી લખનૌ અને પટનાની ફ્લાઈટ શરૂ કરવામાં આવશે. આજના આ અવસર પર કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ પોતાના ઉદબોધનમાં દમણમાં છેલ્લા 12 વર્ષમાં થયેલા અભૂતપૂર્વ વિકાસને જોતા અને દમણના શરૂ થયેલા નમો એરપોર્ટને લઈ આગામી સમયમાં દેશભરના એરપોર્ટની કનેક્ટિવિટી મળી રહે તેવા હેતુથી 17 સીટરના એર ક્રાફ્ટની જગ્યાએ 180 સીટરના બોઈંગ એર ક્રાફ્ટ દમણ ઉતરી શકે તે માટે રન વેના વિસ્તરણની કામગીરી કરવામાં આવશે. સાથે દીવના એરપોર્ટ અને રન વેનું વિસ્તરણ કરવામાં આવશે. ત્યારે આગામી સમયમાં દમણથી અમદાવાદ, દીવ, મુંબઈ સહિત પર્યટનને વેગ આપવા લક્ષ્યદ્વિપ સુધી ફ્લાઈટ કનેક્ટિવિટીનું વિસ્તરણ કરાશે.

ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં બાળકનું મોત થતાં પરિવારજનોમાં રોષ

ધરમપુર: વાસંદાના ચૌંઢા ગામના 5 વર્ષીય બાળકનું ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થતાં પરિવારજનોમાં રોષ ફેલાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ચૌંઢા ગામના રહીલ દિવ્યેશ પવાર (ઉ.વ.5) છેલ્લા બે-ત્રણ દિવસથી પોતાના નાના પાસે અંકલાછ ગામે ગયો હતો. જ્યાં બુધવારે અચાનક રહીલની તબિયત લથડતા ઊલટીઓ શરૂ થતાં પરિવારજનોએ પ્રથમ અંકલાછ પીએચસી બાદ તબિયત વધુ લથડતાં તેને વધુ સારવાર માટે ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં સારવાર દરમિયાન સવારે આશરે 10 વાગ્યે બાળકને ખેંચ આવતાં તેનું મોત નીપજ્યું હતું. બાળકનાં મોત બાદ પરિવારજનો સારવાર અંગે નારાજગી વ્યક્ત કરતાં હોબાળો મચ્યો હતો. ઘટનાની જાણ થતાં ધરમપુર પોલીસ હોસ્પિટલ પહોંચી હતી. પોલીસ અને હોસ્પિટલના તબીબોએ પરિવારજનોને સમજાવટ બાદ પરિસ્થિતિ સામાન્ય બની હતી.

ધરમપુરની ઓમ સાંઈ રેસિડન્સીમાં સુવિધાઓના અભાવે રહીશો ત્રાહિમામ

બિલ્ડરો દ્વારા કરારભંગનો આક્ષેપ, રહીશોએ કલેક્ટરને રજૂઆત કરી કાર્યવાહીની માંગ કરી

વલસાડ: ધરમપુરના બારોલીયા ગામમાં આવેલી 'ઓમ સાંઈ રેસિડન્સી' સોસાયટીમાં વલસાડના બિલ્ડરો દ્વારા પ્લોટ અને મકાન ધારકો સાથે ગંભીર છેતરપિંડીના આક્ષેપો સાથે ફરિયાદ કરવામાં આવી છે. સોસાયટીના રહીશો દ્વારા પ્રાથમિક સુવિધાઓ ન મળવા બાબતે વલસાડ જિલ્લા કલેક્ટરને લેખિતમાં ઉગ્ર ફરિયાદ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, ઓમ સાંઈ રેસિડન્સીના મકાનમાલિકો અને પ્લોટધારકોએ વલસાડના બિલ્ડરો જાવેદ સલીમભાઈ શેખ અને સુભાષભાઈ દઢાણિયા પાસેથી મકાન બનાવવાના હેતુસર જમીન પ્લોટો ખરીદ્યા હતાં. પ્લોટ ખરીદી વખતે થયેલા લેખિત કરાર મુજબ બિલ્ડરોએ સોસાયટીમાં વીજળી, વરસાદી પાણીના નિકાલ માટેની ગટર, પાકા રસ્તાઓ, પીવાનું પાણી અને ડ્રેનેજ લાઈન જેવી તમામ પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવાની જવાબદારી લીધી હતી. પરંતુ આજદિન સુધી રહીશોને કોઈ પણ પ્રકારની સુવિધા ફાળવવામાં આવી નથી. જ્યારે રહીશોએ આ અંગે બિલ્ડરો સાથે રૂબરૂ કે ટેલિફોનિક ચર્ચા કરી, ત્યારે બિલ્ડરોએ આ જવાબદારી અમારી નથી, નગરપાલિકાની છે એવો ઉડાઉ જવાબ આપી હાથ ઊંચા કરી દીધા હતાં. વાસ્તવમાં આ સોસાયટી નગરપાલિકામાં આવતી જ નથી, પરંતુ ગ્રામ પંચાયત બારોલીયા હેઠળ આવે છે. જેના કારણે તેઓ છેતરાયા હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે.

સુવિધાઓના અભાવે હાલ સોસાયટીના રહીશો નરકાગાર જેવી સ્થિતિમાં જીવી રહ્યા છે. ચોમાસાની ઋતુમાં પાકા રસ્તા અને ગટર ન હોવાને કારણે સોસાયટીમાં ઠેર-ઠેર ૧ થી ૧.૫ ફૂટ જેટલા વરસાદી પાણીનો ભરાવો થાય છે. જેથી પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ ગંભીર સમસ્યા અંગે સોશિયલ મીડિયા પર વીડિયો પણ વાયરલ થયા છે, જેની ગંભીર નોંધ લેવાઈ છે. આ ઉપરાંત, બારોલીયા ગ્રામ પંચાયતના સરપંચપતિએ પણ સ્થળની મુલાકાત લઈને રહીશોની સ્થિતિ અંગે અભિપ્રાય આપ્યો છે. રહીશોએ કલેક્ટર કચેરી-વલસાડ ખાતે બંને બિલ્ડરો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવા માંગ કરી છે.

'આપકા ગેસ બિલ બાકી હૈ', કહી રૂપિયા 1 લાખ ટ્રાન્સફર કરી લીધા

વાપી હરિયા હોસ્પિટલના ટ્રસ્ટીને મહાનગરપાલિકા મુંબઈ ગેસ કનેક્શનના નામે ફોન કરી ગઠિયાએ રકમ પડાવી

વાપી: વાપી જીઆઈડીસી વિસ્તારના સૌરવ સોસાયટીમાં કલ્યાણ મોહન બેનરજી (ઉ.વ.84) રહે છે અને તેઓ હરીયા હોસ્પિટલમાં ટ્રસ્ટી તરીકે ફરજ બજાવે છે. ગત તા.3-7-26 ના રોજ કોઈ અજાણ્યા હિન્દી ભાષી ઈસમનો મોબાઈલ ઉપર ફોન આવ્યો હતો અને જણાવ્યું કે, મેં મહાનગરપાલિકા મુંબઈ ગેસ કનેકશન સે બોલ રહા હું, આપકા ગેસ બિલ પેન્ડિંગ હૈં, જે અંગે તેઓએ કોઈ ગેસ બિલ બાકી નહીં હોવાનું જણાવ્યા છતાં તે ઈસમે અવારનવાર 6 જેટલા કોલ કરી જણાવ્યું કે ગેસ બિલ પેન્ડિંગ દિખા રહા હૈં, કહી મોબાઈલ વોટસએપ પર MAHANAGAR GAS BILL UPDATE.APK નામની ફાઈલ મોકલી કોલ કર્યો અને કહ્યું કે, મોબાઈલ મેં એપ્લિકેશન સે ગેસ બિલ પે નહીં હો રહા હે, આપકે પાસ ક્રેડિટ કાર્ડ અથવા ડેબિટ કાર્ડ હે તો મુજે સબ ડીટેઈલ દો, મેં પેઈડ કર દેતાં હું કહ્યું હતું. જેથી તેઓને લાગ્યું કે કોઈ ગેસ બિલ પેન્ડિંગ હશે વિચારી તેઓએ ક્રેડિટ અને ડેબિટ કાર્ડ મળી બંનેના નંબરો આપ્યા હતાં. જે બાદ મોબાઈલ ફોન પર ઓટીપી નંબર આવેલો જે આપ્યો નહીં. જે બાદ તેઓના બેંક એકાઉન્ટના ડેબિટ કાર્ડમાંથી રૂ.87 હજાર અને ક્રેડિટ કાર્ડમાંથી 14,396 ડેબિટ થઈ ગયા હતા. બીજે દિવસે પણ તે ઈસમે ફોન કર્યો હતો જો કે, ફોન ઉપાડ્યો ન હતો. બેંકના ક્રેડિટ અને ડેબિટ કાર્ડ બ્લોક કરાવ્યા બાદ તેઓએ સાયબર ક્રાઈમમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવ્યા બાદ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં આ બનાવ અંગેની ફરિયાદ કરવામાં આવી હતી.

સિગારેટ દૂર જઈને પીવાનું કહેતા યુવક પર હુમલો

ઉમરગામ: ઉમરગામના ડેહલી શ્લોક સેતુ એપાર્ટમેન્ટ ખાતે ફરિયાદી અજીત અરુણ ગુડે (ઉ.વ.27) રહે છે, મંગળવારે રાત્રે 21:37 કલાકે ઘરેથી બહાર ચાલવા નીકળ્યો હતો, તે વખતે ડેહલી ગામ મુરલીધર કોમ્પલેક્સની બાજુમાં શ્રવણ અશોક સવાળે તથા યોગેશ (બંને રહે., સંભાજીનગર, ઔરંગાબાદ, મહારાષ્ટ્ર) સિગારેટ પીતા હોય થોડા દૂર જઈને સિગારેટ પીવો એવું કહેતા આ બંને ઈસમ ઉશ્કેરાઈ ગયા હતા જે બાદ ગાળો આપી ઢીક મુક્કીનો માર મારવા લાગ્યા હતા. યોગેશે પોતાની પાસે લાલ રંગના કાપડમાં વીંટાળી રાખેલો લોખંડનો કોયતો શ્રવણને આપતા કોયતાથી માથામાં હુમલો કરી ઈજા પહોંચાડી ત્યાંથી નાસી ગયા હતા. બનાવની ફરિયાદ ભીલાડ પોલીસને આપતા પોલીસે તપાસ હાથ ધરી છે.

વેચાણ અંગેની જાહેર નોટીશ

આથી જાહેર જનતાને આ નોટીશ આપી જણાવવાનું કે, જીલ્લો નવસારી, તા.નવસારીના મોજે વચ્છરવાડના રેવન્યુ દફતરે નોંધાયેલી બ્લોક નં.૧૮૭, જુનો સર્વે નં.૧૩૨, આકાર રૂા.૧૭=૮૫, ખાતા નં.૪૯૯ વાળી સુમારે હે.૧-૧૮-૮૦ઓ.મી. વાળી જુની શરતની ખેતિની જમીનના માલિક દિગેન બિપીનભાઇ પટેલ તથા અમરભાઇ બિપીનભાઇ પટેલનાઓએ તેઓની સંયુક્ત માલિકી કબજા ભોગવટાની હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સદર જમીનમાં કોઇનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દર-દાવો, તર-તકરાર, હિતસંબંધ કે ઇઝમેન્ટ તથા ખાધા ખોરાકી-પોષાકીનો હકક હોય અગર કોઇ બેંક કે સંસ્થાનું લેણું હોય તો તેમણે દિન-૭(સાત)માં લેખિત પુરાવાઓ સહીત અમોને નીચે જણાવેલા સરનામે આવી પુરવાર કરી બતાવવું. જો તેમ કરવામાં કસુર થશે તો ઉપરોક્ત જમીનમાં કોઇના કોઇપણ જાતના હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, તર- તકરાર, હિતસંબંધ કે અન્ય કોઇપણ જાતના હકકો ન હતા અને નથી, અને જો તેવા કોઇ હકકો હોય તો તે જતા યાને વેવ કર્યા છે એમ સ્થાપિત ગણી અમારા અસીલ મુદત વિત્યે પાકા લખાણો કરાવી લેશે. તે બાદ કોઇની કોઇપણ જાતની તર-તકરાર ચાલશે નહીં જેની આથી છેવટની લેખિત નોંધ લેવી.

નવિન જે. મોદી-એડવોકેટ એન્ડ નોટરી તથા **હાર્દિક એ. મોદી**-એડવોકેટ
મુ.પો.બલેશ્વર, તા. પલસાણા, જી. સુરત, મો.: ૯૮૨૫૫-૬૦૫૪૪, મો : ૯૯૦૯૩-૨૩૩૪૩

વેચાણ અંગેની જાહેર નોટીશ

આથી જાહેર જનતાને આ નોટીસ આપી જણાવવાનું કે **જીલ્લો નવસારી તાલુકો જલાલપોરના મોજે બોદાલી ગામના રેવન્યુ દફતરે ખાતા નં- ૧૨૧૯ જેનો નવો બ્લોક/સરવે નંબર - ૯૪૩ (જૂનો બ્લોક/સરવે નંબર - ૧૦૧૦) થી નોંધાયેલી હે.આરે.ચો.મી. ૦-૩૬-૮૪ ખેતીની જુની શરતની બિનપિયત જમીન ૧. વિજયકુમાર વલ્લભભાઇ પુરોહિત ૨. દર્શનાબહેન તે બળવંતભાઈ પટેલની પુત્રી તે રોશનકુમાર પટેલની પત્ની** ની માલિકીની અને કબજા ભોગવટાની હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. માટે સદર મિલકતમાં કોઈનો વાંધો, હકક, હિસ્સો, લાગભાગ, દર, દાવો, તર-તકરાર, હિત, સબંધ કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનું લેણું હોય તો નીચેના સરનામે રૂબરૂ આવી/લેખિતમાં દિન-૭ માં પુરાવા સહિત જાણ કરવી, જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર જમીનમાં કોઈ વ્યકિત કે સંસ્થાના કોઈપણ જાતનો હકક હિસ્સો કે લેણું નથી અને હોય તો જતો કરેલો છે એમ માની હમારા અસીલ પાકા વેચાણ દસ્તાવેજો કરાવી લેશે અને ત્યાર પછી કોઈપણ વ્યકિત કે સંસ્થાની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહિ અને તેવી વ્યકિતઓને કોઈપણ જાતના હકક પ્રાપ્ત થશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.અસીલ મજકુરની સુચના અને ફરમાઈશ અન્વયે

અસીલ મજકુરની સુચના અને ફરમાઈશ અન્વયે,

તા. ૧૬-૦૭-૨૦૨૬ **અજય બી. ડાભી** (તે ખરીદનારના એડવોકેટ)
ઓ.: નં. ૭ , બ્રહ્મહેલ કોમ્પલેક્ષ, ગૌરી શંકર મહોલ્લો, જલાલપોર, તા. જી. નવસરી. મો.: